# ફોજદારી કેસ નંબર–૩૦૭/૨૦૨૧ના કામે કમીટલ હુકમ

**આંક–**

**–ક મી ટ લ ઠ રા વ–**

૧) આ કામના આરોપીઓ સામે માંગરોળ મરીન પોલીસ મથકેથી તપાસના અંતે માંગરોળ મરીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નંબર ૨૩/૨૦૧૮ થી ઈ.પી.કો કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૯૨,૩૯૫,૩૯૭,૩૩૩,૩૩૭,૫૦૬(૨),૩૪ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓ સામેના ગુના સબબ નામદાર સેશન્સ અદાલતને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા છે, તેવી વૈધાનિક જોગવાઈ છે.

૨) આ કામે આરોપીઓને તેમની વિરુધ્ધના ગુનાના કામે પોલીસ પેપર્સની નકલો આપી, તે તળે આરોપીઓનો જવાબ (પ્લી) નોંધતા, તેમણે તેમના સ્વખર્ચે વકીલ રોકવા જણાવેલ છે.

૩) ઉપરોક્ત હકિકત ધ્યાને રાખતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતને કરવાની સત્તા ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના આરોપીઓ સામેનો હાલનો કેસ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૯ અન્વયે નામદાર એડીશ્નલ સેશન્સ અદાલત, કેશોદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીઓને તારીખ–૦૧/૦૪/૨૦૨૩ના રોજ નામદાર સેશન્સ અદાલત, કેશોદ સમક્ષ હાજર રહેવાની જાણ કરવામાં આવે છે.

૩) આ કામનુ તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત કેશોદમાં મોકલી આપવું તથા આ કેસ કમીટ થયાની જાણ મદદનીશ સરકારી વકીલશ્રી, કેશોદનાઓને કરવી.

આ હુકમ આજ તારીખ ૧૫મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

**તારીખ–૧૫/૦૨/૨૦૨૩**
**સ્થળ–માંગરોળ**

**(સી.એમ.રાઠોડ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**માંગરોળ**